વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ડીસેમ્બર, ૨૦૨૨ Vol. 16 No.12

# ધર્મ તો ઠોકી બેસાડેલો હોય છે.



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com** પર જાઓ.

# નાગરીક સ્વાતંત્ર્ય :
# ભારત મારા માટે છે, હું ભારત માટે નથી

**(ટુંકાવીને)** **–હેમન્તકુમાર શાહ**

**પ્રસ્તાવના :**

નાગરીક સ્વાતંત્ર્યનો અર્થ એ છે કે રાજ્ય એવા કાયદાઓને આધીન હોય કે જે નાગરીકો અને તેમના સમુદાયોના હીતમાં હોય, તેમના લાભ માટે હોય, અને તેમના ભલા માટે હોય. એનો અર્થ એ છે કે રાજય નાગરીકોની કે પોતાની સલામતી માટે જે કોઈ પગલાં ભરે તે પગલાં નાગરીકોના સ્વાતંત્ર્યને જોખમમાં મુકયા વીના જ ભરવામાં આવે. નાગરીક સ્વાતંત્ર્ય એવી બાંયધરીઓ અને એવી સ્વતંત્રતાઓ છે કે જે બંધારણ, કાયદા કે અદાલતોના અર્થઘટનમાં એવી ખાતરી સાથે આવે છે કે સરકાર યોગ્ય પ્રક્રીયા વીના એ સ્વતંત્રતાઓમાં ઘટાડો નહીં કરે કે તેમનો નાશ નહીં કરે. સામાન્ય રીતે નાગરીક સ્વાતંત્ર્યોમાં નીચે મુજબની સ્વતંત્રતાઓનો સમાવેશ થાય છે :

(૧) અંતરાત્માની સ્વતંત્રતા (૨) માધ્યમ (media)ની સ્વતંત્રતા (૩) ધર્મની સ્વતંત્રતા (૪) વાણી અને અભીવ્યકતીની સ્વતંત્રતા (૫) હથીયારો વીના એકત્ર થવાની સ્વતંત્રતા (૬) સલામતીની સ્વતંત્રતા (૭) ગોપનીયતાનો અધીકાર (Right to Privacy) (૮) કાયદા સમક્ષ સમાન વ્યવહારનો અને કાયદાની યોગ્ય પ્રક્રીયાનો અધીકાર (૯) ન્યાયી કેસ પ્રક્રીયાનો અધીકાર (૧૦) જીવન જીવવાનો અધીકાર (૧૧) મીલકત ધરાવવાનો અધીકાર (૧૨) પોતાનો બચાવ કરવાનો અધીકાર (૧૩) શારીરીક સુગ્રથીતતા (Bodily Intergrity)નો અધીકાર.

લોકશાહી દેશોમાં નાગરીક સ્વાતંત્ર્ય માટેની જોગવાઈઓ તેમના બંધારણમાં કે વીવીધ કાયદાઓમાં કરવામાં આવી હોય છે, પરંતુ સરમુખત્યારશાહી શાસન ધરાવતા દેશોમાં આવી નાગરીક સ્વતંત્રતાઓ હોતી નથી. આજકાલ ભારત જેવા લોકશાહી દેશોમાં પણ નાગરીકોની અને દેશની સલામતીના નામે નાગરીકોનું સ્વાતંત્ર્ય જોખમાય તેવા કાયદા થાય છે, નીયમો ઘડાય છે, અને તેમનું પાલન પોલીસ અને અદાલતો દ્વારા કરાવવામાં આવે છે. પરીણામે ઘણીવાર નાગરીકોને એમ લાગે છે કે તેઓ સરકારના કે રાજ્યના ગુલામ છે, અને જીવંત મનુષ્યો તરીકે જાણે કે તેમનું કોઈ અસ્તીત્વ જ નથી. યુદ્ધ, કટોકટી અને આતંકવાદને નામે પણ ઘણી સરકારો નાગરીક સ્વાતંત્ર્યો પર હંમેશાં તરાપ મારતી રહી છે. સવાલ ત્યારે એ ઉભો થાય છે કે ‘કેટલા પ્રમાણમાં આવી તરાપ સરકાર દ્વારા મારી શકાય ?’

**મહત્ત્વ :**

સરકારો હંમેશાં એમ ઈચ્છે છે કે નાગરીકો તેમનું કહ્યું કરે, અને કદી સરકાર સામે બોલે જ નહીં, કે કોઈ પણ રીતે કોઈ અભીવ્યકતી કરે જ નહીં. તેને માટે સરકારો કાયદા


**(વધુ ટા.–૩ ઉપર)**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ ડીસેમ્બર, ૨૦૨૨ | સળંગ અંક : ૩૭૩ | Vol. 16 No. 12

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## ધર્મ તો ઠોકી બેસાડેલો હોય છે.

**–સુર્યકાન્ત શાહ**

હમણાં હમણાં જુદી જુદી અદાલતોમાં ધર્મપરીવર્તન અંગે વીદ્વાન વકીલો દલીલો કરે છે. ડાહ્યા ન્યાયધીશો સાંભળે છે. દલીલોની વચ્ચે વચ્ચે ન્યાયાધીશો પોતાના ટહુકા પણ કરી લે છે. આ બધું વાંચી-સાંભળી-જોઈને રમુજ થાય છે. આ મહાનુભાવોનો મુદ્દો એ છે કે બળજબરી-લાલચથી ધર્મપરીવર્તન કરાવવામાં આવે તો તે શું કાયદેસર ગણાય. રીમોના રીમો કાગળ વપરાય એટલી દલીલો થઈ છે, અને થશે. જનમાધ્યમો અને સોસીયલ મીડીયામાં પણ નાના-મોટાં સૌ પોતાના વીચારો રજુ કરે છે, અને કરતા રહેશે. આ બધી ચર્ચાનો ગંજ ભલેને હીમાલય જેટલો ઉંચો થાય, પરંતુ વાત તો સીધી-સાદી છે; બળજબરી-લાલચથી ધર્મપરીવર્તન તો શું, સાધુ-બાવા બનાવવા, લગ્નો, વેઠ, વગેરે કશું જ નહીં કરી-નહીં કરાવી શકાય. આ બધું બાળક ઈચ્છે તો પણ કરાવી શકાય નહીં, કારણ કે આ અંગેના નીર્ણયોના શાં પરીણામ આવશે તેનો બાળકને ખ્યાલ હોતો નથી. એક બાવા બનાવવા સીવાયની બાબતોમાં અદાલતોના સંખ્યાબંધ ચુકાદા પણ આવ્યા છે કે જણાવે છે કે જો તે બળજબરી-લાલચથી થયા હોય તો તે કાયદેસર નથી. એક સાધુ-બાવા બનવા-બનાવવા પર અદાલતોએ અપેક્ષીત હીંમત બતાવી નથી. આથી સંખ્યાબંધ બાળકો ખુલ્લંખુલ્લાં સાધુ-બાવા બને છે. અનેક યુવક યુવતીઓને લલચાવીને સાધુ-બાવા બનાવી દેવામાં આવે છે. સાધુ-બાવાઓની દુનીયામાં 'પ્રસાદ' શબ્દ

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

પારીભાષીક છે. સેંકડો સાધુ-બાવાઓ જુવાન યુવક-યુવતીઓ અને બાળકોને પણ 'પ્રસાદ' આપે છે ! અનેક યુવાન ભકતાણીઓને આપવામાં આવતો 'પ્રસાદ' તો જાહેર-ગોપનીય હકીકત છે ! આ બાબતમાં વહીવટી તંત્રો અને અદાલતો આંખ લાલ કરે એ જરુરી તો છે જ, પરંતુ સમાજ પોતે જ અને એક-એક નાગરીક આ બાબતમાં જરુરી વીવેક કેળવે એ અનીવાર્ય છે. નાગરીકોએ જ આ સાધુ-બાવાની જમાતથી, એમના દલાલોથી અને કહેવાતા પરમ ભગતડાઓથી દુર રહેવું જોઈએ. આ થતું નથી એટલે ગણનાપાત્ર નાગરીકો પર સાધુપણુ ઠોકી બેસાડવામાં આવે છે.

ધર્મ પરાણે સ્વીકારવાનું અહીં અટકતું નથી. હજી બાળક માતાના ગર્ભમાંથી બહાર પડે અને આંખ પણ ખોલે નહીં કે તરત જ એના પર ખાસ કરીને એનાં મા-બાપનો ધર્મ એના પર ઠોકી બેસાડવામાં આવે છે ! આ નવજાતને જેની કશી ખબર નથી એવા જડબેસલાક તત્ત્વ, નામે ધર્મની બેડી જન્મતાની સાથે જ પહેરાવી દેવામાં આવે છે ! એને મન શું હીંદુ ધર્મ, મુસલમાન ધર્મ, ખ્રીસ્તી ધર્મ કે જૈન-બૌદ્ધ ધર્મ ! એને કશી જ ખબર નથી. હજી તો એ દુધ પીવા માટે માતાના સ્તનની ડીંટી મોંઢામાં મેળવવા માટે ફાંફા મારે છે ત્યાં એના કપાળે કયાં તો ટીલા થઈ જાય છે, અથવા માથે ટોપી પહેરાવી દેવામાં આવે છે. એ પુખ્ત વયનું થાય, એની સમક્ષ બધા ધર્મોનો સાર મુકવામાં આવે, કોઈપણ દાર્મ નહીં સ્વીકારવાનો પણ વીકલ્પ આપવામાં આવે, અને પછી કયાં તો એ ચોકકસ ધર્મની પસંદગી કરે અથવા કોઈ પણ ધર્મની પસંદગી નહીં કરે ત્યારે એ એનો ધર્મ બને, અથવા નાસ્તીકતા એની બને. આવા ઠોકી બેસાડેલા તત્ત્વના પાયે વીશાળ, તાકાતવાન અને સા'વ અવૈજ્ઞાનીક એવા ધર્મની 'ભવ્ય' (?) ઈમારત બને તે માનવજાત તરીકે આપણી કેટલી બધી કરુણતા છે ! આટલું ઓછું હોય તેમ અદાલતોમાં વીદ્વાનો અને ડાહ્યાઓ એવા ઠોકી બેસાડેલા ધર્મનો કોઈ વ્યકતીએ ત્યાગ કર્યો અને બીજા ધર્મનો સ્વીકાર કર્યો તેમાં બળજબરી કે લાલચ હોવા જોઈએ કે નહીં તેની ચર્ચા કરે ત્યારે રમુજ જ થાય ને ! જેનો પાયો જ બળજબરી છે તેવા ધર્મનું પરીવર્તન બળજબરી-લાલચથી નહીં થવા જોઈએની ડાહી ડાહી વાતો કરનારા ધુળ પર લીંપણ કરે છે !

અદાલતોએ, કાયદા બનાવરાઓએ, સમાજ સુધારકોએ, ચીંતકોએ એ વીચારવાનું રાખવું જોઈએ કે જન્મતાની સાથે જ ઠોકી બેસાડવામાં આવતા ધર્મની ચુંગાલમાંથી માનવજાતને મુકત કેવી રીતે કરવી. આ વીચારવાનું અને તેને ચરીતાર્થ કરવાનું કામ એટલા માટે મુશ્કેલ બને છે કે ધર્મના ઠેકેદારોએ જે જાળ બીછાવી છે તે અભેદ છે. એકવાર આ દીશામાં વીચારવાનું થશે, અને તેમાં નાસ્તીકો તેમ જ રૅશનાલીસ્ટો જોડાશે તો આ ઠેકેદારોને સમય જતા ઠેકાણે પાડી શકાશે. ફુલ જેવા બાળકને એની પુરી નૈસર્ગીકતા સાથે ખીલવી શકાશે.

# અંધશ્રદ્ધાપ્રેરક પર્વ એટલે ચુંટણી

**–તંત્રી લેખ**

જેના જીવનમાં કે કાર્યોમાં ધર્મનું નામે નીશાન ન હોય તેવા ઘણા રાજકીય નેતાઓ ચુંટણી આવતા મંદીરોમા ભગવાન સામે લાંબા થઈને વીજય માટે માંગણી કરતા હોય છે. (અને વીજેતા થયા  પછી લોકોને લાંબા કરી નાંખે છે) તેમને કોણ સમજાવે કે ભગવાન સામે આજીજી કરવાથી નહીં, પણ લોકકલ્યાણના સેવાકાર્યોથી મતદાતાઓને રીઝવી શકાય છે. નેતાઓ જ અંધશ્રદ્ધાના પાલક પોષક છે, પછી તે રાજકીય નેતા હોય કે અભીનેતા હોય. ઐશ્વર્યા રાયના લગ્ન પહેલા વનસ્પતી સાથે કરી પછી અભીષેક સાથે થયા હતા. એ તો ઠીક પણ તેના સમાચારો થકી આખી દુનીયામાં અંધશ્રદ્ધાનો પ્રચાર થયો હતો ! આ પ્રકારનું લગ્ન નીરર્થક હતું એ આપણે જાણીએ છીએ.

હવે તો જાણે એમ લાગે છે કે વીશ્વના સૌથી ધનવાન ઉદ્યોગપતી ઈલોન મસ્કની ન્યુરોલીક કંપની દ્વારા આપણે અંધશ્રદ્ધામુકત દુનીયા બનાવી શકીશું. ન્યુરોલીક માણસના મગજમાં જરુરીયાત મુજબની પ્રોગ્રામેબલ માઈક્રોશીપ ફીટ કરી આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સીથી કલ્પના બહારના કામો કરશે.

આ પ્રોગ્રામો સાયન્ટીફીક વીચારધારાથી ચાલશે. તેથી અંધશ્રદ્ધાનો છેદ ઉડી જશે. આ માટે વાંદરાઓ પર કરેલ પ્રયોગોમાં થોડી સફળતા બાદ હવે માનવ મગજમાં પ્રયોગો શરુ થઈ રહ્યા છે.  અંધશ્રદ્ધા માત્ર ભારતમાં જ નહીં, દુનીયાના અનેક દેશો આ દુષણથી ઘેરાયેલા છે. લોકોમાં રહેલા અંધવીશ્વાસનું પ્રમાણ જાણવા ન્યુ રીસર્ચ સંસ્થા (ન્યુયોર્ક) દ્વારા ૧૫૦ દેશોના લોકોનો સર્વે કરાયો હતો. તે મુજબ ૪૦% લોકો અંધવીશ્વાસુ છે, સ્વીડનમાં ૯% છે તો ટયુનીશીયામાં ૯૦% છે. યુ.એસ. યુની.ના સંશોધક બોસ્સી ગેસમિનના રીપોર્ટ મુજબ અંધશ્રદ્ધાનું પ્રમાણ વધુ હોય ત્યાં શીક્ષણનું સ્તર અને આર્થીક સુરક્ષાનું સ્તર નીચું હોય છે, અને માનવ-માનવ વચ્ચે સંઘર્ષોનું પ્રમાણ વધુ હોય છે.

દુનીયાનું સૌથી કપરું કામ માણસની વીચારધારાને બદલવાનું છે. છતાં લાંબા ગાળે નીત્ય પરીણામ મળતાં હોય છે.

---

જો બુદ્ધીયુક્ત જવાબ ઈચ્છતા હો તો, તો પ્રશ્ન પણ બુદ્ધીભર્યા હોવા જોઈએ.

**–જ્હોન વોલ્ફ ગાંગ**

## રેશનલ ચળવળ

(૧) રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત અને રાજકોટના વીજ્ઞાન જાથાના અધ્યક્ષ જયંત પંડયાની આગેવાની હેઠળ હુશેનભાઈ ખલીફા, દીનેશભાઈ મારવાડા અને અન્ય કાર્યકરો દ્વારા કાળી ચૌદશે કચ્છના વાગડ પંથકમાં જન જાગૃતી અને અંધશ્રદ્ધામુકતીના હેતુસર હજારો પત્રકોઆનું વીતરણ કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન એ હકીકત પ્રકાશમાં આવી હતી કે રાજકોટ-રાપર વીસ્તારના ગ્રામ વીસ્તારોમાં સેંકડો જુવા-મુંજાવરોનું જ રાજ છે. લોકોને નુકસાનકર્તા અનેક કુરીવાજો પાછળ તન-ધનથી લોકો ધોવાઈ જાય છે. કાળી ચૌદસે આખા ગુજરાતમાં અંધશ્રદ્ધા વીરોધી કાર્યક્રમો યોજાય તેવો જાથાએ પ્રબંધ કર્યો હતો.

(૨) સુર્યગ્રહણ પ્રસંગે ફીલ્ટર ચશ્માથી જીજ્ઞાસુઓ ગ્રહણ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવા ઉપરાંત જાથાએ આ ગ્રહણ સાથે જોડાયેલ અંધશ્રદ્ધાની વીરુદ્ધમાં જનજાગૃતી ફેલાવી હતી. એ જ પ્રમાણે ચંદ્રગ્રહણ પ્રસંગે ફીલ્ટર ચશ્માથી જીજ્ઞાસુઓ ગ્રહણ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવા ઉપરાંત જાથાએ આ ગ્રહણ સાથે જોડાયેલ અંધશ્રદ્ધાની વીરુદ્ધમાં જનજાગૃતી ફેલાવી હતી. એ જ પ્રમાણે ચંદ્ર ગ્રહણ પ્રસંગે પણ જાથાએ જનજાગૃતીના કાર્યક્રમ કર્યા હતા.

(૩) ગુજરાત વીધાનસભા પરની ચુંટણીના પરીણામ માટે સચોટ આગાહી કરનારને જાથાએ રૂા. પચ્ચીસ લાખ આપવાની ઓફર કરી હતી. આ ઓફર કરીને જાથાએ લોકોને સંદેશો આપ્યો હતો કે જ્યોતીષ બોગસ છે.

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઇટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# બુદ્ધીમત્તા

હોકીંગ કહે છે કે 'માણસ' માત્ર એની પાસે જે બુદ્ધીમત્તા છે તેનાથી જ ઓળખાય છે. આપણી સભ્યતા આપણને જે કંઈ પણ દર્શાવે છે તે બધું જ માનવ-બુદ્ધીમતાની પેદાશ છે. આપણા ૧૩.૮ અબજ વર્ષના ખગોળીય ઈતીહાસમાં જેને સુંદર કહી શકાય તેવું કંઈક બન્યું. આપણી આજુબાજુ જે કંઈ બને તે આપણી સમક્ષ માહીતી બનીને આવે છે. આ માહીતી પરની પ્રક્રીયા એટલી બધી બુદ્ધીમત્તાવાળી બની ગઈ કે જીંદગીનાં સ્વરુપો સભાનતાવાળા બની ગયાં. આવી બુદ્ધીમત્તાને પામવી તે જ એક સુંદર બનાવ છે. આપણું સચરાચર જાણે કે એકદમ જાગી ઉઠયું. સચરાચર પોતે જ પોતા પરત્વે જાગૃત બની ગયું. હું આ બાબતને આપણી એક જીત ગણું છું. આમ તો આપણે તારાની ધુળ છીએ. એવા આપણે, જેમાં આપણે જીવીએ છીએ તે સચરાચરની વીગતવાર સમજ આપણે કેળવવા માંડી છે આ આપણી મોટી જીત છે કારણ કે આપણી પાસે બુદ્ધીમત્તા છે.

માણસની બુદ્ધીમત્તા કરતાં કૃત્રીમ બુદ્ધીમત્તા બહેતર બનશે. તે માણસની મદદ વીના જ પોતે સુધારા-વધારા કરી શકશે ત્યારે આપણે બુદ્ધીમત્તા વીસ્ફોટને અનુભવીશું. કૃત્રીમ બુદ્ધીમત્તા ધરાવતાં યંત્રો આપણી બુદ્ધીમત્તા કરતાં ચઢીયાતાં બનશે. આવું બનશે ત્યારે આ યંત્રોના ધ્યેય અને લક્ષ્યાંક આપણા કરતાં જુદાં બની શકે. આ અટકાવવું પડશે. આથી એવા કોમ્પ્યુટર તૈયાર કરવા પડશે કે જેનાં ધ્યેય અને લક્ષ્યાંક આપણાં ધ્યેય અને લક્ષ્યાંકોની તો સાથે સુમેળ સાધતા હોય. આપણે એ અંધારામાં રહેવા જેવું નથી કે બુદ્ધીમત્તા યંત્રો આપણા કરતાં કદીય વધારે બુદ્ધીમતા ધરાવતા નહીં થાય. આવી રીતે આપણે સ્વયંભુ અંધારામાં રહેવાનું રાખીશું તો તે એક બહુ મોટી ભુલ બનશે, કદાચ માનવે કરેલી અત્યાર સુધીની ભુલો કરતાં આ ભુલ વધારે ખતરનાક બનશે.

કૃત્રીમ બુદ્ધીમત્તા થકી યંત્રો દ્વારા યંત્રોને સમજવાનું. આંકડાશાસ્ત્ર, અંકુશ થીયરી અને જ્ઞાનતંતુઓના વીજ્ઞાન અને અન્યો એ અલગ રહ્યાં નથી. આ બધાં એકબીજામાં ભળવા માંડયા છે. પરીણામે હવે જે સીદ્ધાંતો તૈયાર થવા માંડયા છે તે જુદાં જુદાં વીજ્ઞાનોની ભાગીદારીવાળા છે. મળતી માહીતી અને તેના પર થતી પ્રક્રીયા પર આ સીદ્ધાંતોના થતા ઉપયોગથી વીવીધ ક્ષેત્રે અદ્‌ભુત સફળતા પ્રાપ્ત થવા માંડી છે. કોઈ પણ અવાજને ઓળખી કાઢવો, છબીઓના વર્ગીકરણ, સ્વયંભુ ચાલતાં વાહનો, અનુભવો, પ્રશ્નોત્તરી પદ્ધતી વગેરેમાં અફલાતુન સફળતા મળવા માંડી છે એવું હોકીંગ જણાવે છે.

આ બધાં ક્ષેત્રોમાં પણ હંમેશ બને છે તેમ શરુઆત પ્રયોગશાળામાંના સંશોધનોથી થઈ છે. હવે એ સંશોધનો પર ટેકનોલોજી કામ કરવા માંડી છે. આથી ક્રમશઃ પ્રયોગશાળાનાં એ સંશોધનો આર્થીક નફો કરાવી શકે તેવાં લોકભોગ્ય બનવા માંડયાં છે. આથી કૃત્રીમ બુદ્ધીમત્તા ક્ષેત્રે આપણે એવા વળાંક પર આવીને ઉભા છીએ કે જયાં હવે એમાં નાનો શો સુધારો આવશે ને તો તે પણ બહુ મોટો પરીણામ લાવવા માંડશે. સ્વાભાવીક જ છે કે આથી આ ક્ષેત્રે જંગી મુડી-રોકાણો થવા માંડયા છે. હવે ધંધાદારીઓ જ આ ક્ષેત્રે વધારે ને વધારે સંશોધનો થાય, અને તે માટે મુડી-રોકાણ કરવું પડે તો તો કરવા માટે તૈયાર થયા છે. હોકીંગને તો એટલી આશા બંધાઈ હતી કે આ કૃત્રીમ બુદ્ધીમત્તા ક્ષેત્રે આ પ્રમાણેની પ્રગતી, રોગો અને ગરીબાઈ પર કાબુ મેળવવામાં મોટો ફાળો આપવા માંડશે. આ સીદ્ધી મેળવવા માટે માનવજાતે જોવું પડશે કે એ દીશામાં કૃત્રીમ બુદ્ધીમત્તાને લગતાં સંશોધનો થાય. હોકીંગનું આ સુચન સુચવે છે કે અત્યારે હમણાં આપણે વધુ ને વધુ વીવેકબુદ્ધીવાદી બનવું જોઈએ.

હોકીંગે એ બાબત પરત્વે માનવજાતનું અને ખાસ કરીને વૈજ્ઞાનીકોનું ધ્યાન ખેંચ્યું છે કે કૃત્રીમ બુદ્ધીમત્તાક્ષેત્રે વધુ ને વધુ સફળતા અને પ્રગતી, અને ખાસ કરીને વૈજ્ઞાનીકોનાં સંશોધનો કૃત્રીમ બુદ્ધીમતાને એવા તબકકે લઈ જશે કે તે કુદરતી માણસની જેમ વર્તવા માંડશે. માણસનું પુનર્નીર્માણ તો ડાર્વીનના સીદ્ધાંત અનુસાર ધીમી ઉત્ક્રાંતીથી અને જૈવીક પરીબળોને આધીન રહીને થાય છે. કૃત્રીમ બુદ્ધીમતાને આવી કોઈ મર્યાદા નડશે નહીં. કૃત્રીમ બુદ્ધીમતા પોતાની ઈચ્છાશકતી પણ પેદા કરશે. એકવાર એનામાં ઈચ્છાશકતી પેદા કરવાનું સંશોધન થશે પછી તે કૃત્રીમ બુદ્ધીમતા માણસના અંકુશમાં રહેશે જ નહીં. (કદાચ માણસ એના અંકુશમાં આવી જશે ! -(સુ)

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# ઉષાબહેન પરીખને શબ્દાંજલી

આપણી સત્યશોધક સભાના પેટ્રન, સભાના એક સ્થાપક, પુર્વપ્રમુખ અને દાતા ડૉ.



બી. એ. પરીખના જીવનસાથીનું તા. ૧૪-૧૨-૨૨ના રોજ દુઃખદ અવસાન થયું. આપણી સમક્ષ તો ડૉ. પરીખ જ હાજર થતા હોય છે, પરંતુ એમને નીરાંતે તેવી હાજરી આપવા, રેશનાલીઝમનું જરા મુશ્કેલ કાર્ય કરવા, અને અનેકવીધ પ્રવૃત્તીઓ કરવાની પ્રત્યેક સવલત ઉષાબહેને પુરી પાડી હતી. તેઓ પોતે આસ્તીક હતા. પુજા-પાઠ કરતા હતા, પરંતુ પરીખ સાહેબની નાસ્તીકતા અને રેશનાલીઝમની આડે કદી આવ્યા નહોતા. ઉલટુ, એમના એવા દરેક કાર્યમાં પુરો ટેકો આપતા હતા. હા, અનુકુળતા મળે ત્યારે આસ્તીકતા-નાસ્તીકતાની તેઓ જરાયે ડંખ લાવ્યા વીના ચર્ચા કરતા હતા. અસંમત થવાની સંમતી બન્ને વચ્ચે રહેતી ! બાલવીજ્ઞાન કોંગ્રેસના રાજય સ્તરના કાર્યક્રમમાં બે-ત્રણ પ્રસંગે એમણે હાજરી આપેલી. તેવા પ્રસંગે સત્યશોધક સભાનું અને રેશનાલીઝમનું સાહીત્ય વેચવા, સ્પર્ધકોની નોંધણી કરવા અને જરુરી કાગળીયા તૈયાર કરવામાં એમણે ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. સત્યશોધક સભાની કંઈ કેટલીયે મીટીંગો અને કેટલાક કાર્યક્રમો પરીખ સાહેબના નીવાસસ્થાને થયા અને થતા હોય છે. એવા દરેક પ્રસંગે ઉષાબહેને બધી જ અનુકુળતા કરી આપી છે. એવા ઉષાબહેન આપણી વચ્ચેથી અચાનક વીદાય થયા તેનું સૌને દુઃખ છે. ખાસ કરીને એમના પુત્રવધુ જાગૃતીએ ઉષાબહેનની સેવા-ચાકરી કરવામાં અને દરેક વખત સવલતો પુરી પાડવામાં જે હાથ લંબાવ્યો છે તેની સકદર નોંધ લેવી જ રહી. આ બધાંની વચ્ચે ખાસ કરીને પરીખ સાહેબે અને એમના કુટુંબીજનોએ સ્વસ્થતા જાળવવાની ખુબ જરુર છે. આપણે સૌ ઈચ્છીએ કે તેઓ આ દુઃખ સહન કરવાની શકતી કેળવે અને પુનઃ જલદી સ્વસ્થ થઈ જાય. **–સુર્યકાંત**

---

* જે પુસ્તકો (અને અન્ય કૃતીઓ પણ !) અનૈતીક હોવાનું જણાવવામાં આવે છે તે તો વાસ્તવમાં સમાજને માટે જે શરમજનક છે તે દર્શાવે છે.

* જે રાજકીય ભ્રષ્ટાચારને તંત્રવાહકોએ મંજુર કર્યા હોય છે, તે એ અંગેની વીશીષ્ટ અદાલતોમાં પણ કદી પુરવાર થતા નથી.

# યમનું ભ્રમજ્ઞાન

–પ્રવીણ ગઢવી
મો.– ૯૯૭૯૮ ૯૩૯૯૦

ઉદ્દાલક રુષી પાસે સહસ્ત્રથીય અધીક ગૌ થઈ ગઈ ત્યારે એમને વીશ્વજીત યજ્ઞ કરવાનો વીચાર આવ્યો. વીશ્વજીત યજ્ઞમાં રુષીઓ રાજન્યો અને બ્રાહ્મણોને ગૌદાન કરે છે. આ ઉલટો યજ્ઞ ગણાય.

ચતુર્દીશામાંથી બ્રાહ્મણો આવ્યા. આકાશને આંબે તેટલા ઉંચા વેદોચ્ચાર થયા. યજ્ઞના ધુમ્રથી આકાશ છવાઈ ગયું. ધામધુમથી બ્રહ્મભોજનાંતે યજ્ઞ પુર્ણ થયો. પછી ઉદ્દાલક રુષી ગૌદાન કરવા લાગ્યા. પહેલાં તો એમણે યુવા, પુષ્ટ, દુગ્ધા ગૌને અલગ તારવી લીધી અને વંધ્યા, બોડકી અને દંતહીન ગૌ બ્રાહ્મણોને આપવા માંડી.

નચીકેતા આ જોઈ રહયો હતો. એ સત્યવકતા હતો. તેનાથી ન રહેવાયું.

‘તાત, આ સારી ગાયો કોને માટે રાખો છો ?’

‘તારા માટે વત્સ... તું મને અતીપ્રીય છે.’

‘કીંતુ આવી વંધ્યા અને વૃદ્ધ ગૌનું દાન શા માટે ? બ્રાહ્મણો એનું શું કરશે ?’

‘તું શાની ચીંતા કરે છે ?’ સ્વભાવ પ્રમાણે ઉદ્દાલક ક્રોધીત થઈ બોલ્યા.

‘તો આપ મને કોને દાન આપશો ?’ નચીકેતા હઠે ભરાયો. ઉદ્દાલક મૌન રહ્યા.

‘મારો પ્રશ્ન આપે સાંભળ્યો નહીં, તાત ? આપ મને કોને દાનમાં આપશો ?’

હવે ઉદ્દાલક રુષીનો ક્રોધ આકાશે પહોંચ્યો.

‘તને હું યમને દાન કરીશ, બસ !’ છેલ્લી ગૌનું દાન કરીને ઉદ્દાલક ઉભા થઈ ગયા અને કુટીરમાં ચાલ્યા ગયા.

નચીકેતા પાછળ પાછળ ગયો. ‘તો હવે મને આજ્ઞા આપો. આશીર્વાદ આપો. હું યમ પાસે જવા પ્રયાણ કરું છું.’

યમ આર્યોના મૃત્યુદેવ. યમ પાસે જવું એટલે મૃત્યુ પાસે જવું. હવે ઉદ્દાલકે પોતે શું બકી ગયા હતા તેનું ભાન થયું.

‘અરે વત્સ, એ તો હું ક્રોધમાં બોલી ગયો. એમ થોડું જવાનું હોય ?’

‘તાત, આપે જ મને જ્ઞાન આપ્યું છે કે પીતાશ્રીની આજ્ઞાનું પાલન કરે તે જ ઉત્તમ પુત્ર. હું ઉત્તમ પુત્ર થવા ઈચ્છું છું.’

'ક્રોધાવસ્થામાં અને મદ્યાવસ્થામાં આપેલ આજ્ઞા માન્ય નથી. એવું રાજનીતીશાસ્ત્રમાં કથન છે, વત્સ.'

'એ રાજન્યો માટે, આપ તો મારા પીતા. આપનું પ્રત્યેક વચન મારા માટે આજ્ઞા સમાન. મને રજા આપો. તાત.'

'વત્સ, તું અત્યંત હઠીલો અને સંશયી છે. તું દરેક વાતને પકડી રાખે છે.' ઉદ્દાલક નચિકેતાથી થાકયા. 'તો જા, શીવાસ્તે પંથાન ભવતું. યમ તારું રક્ષણ કરો.' આશીર્વાદ આપતા ઉદ્દાલક રડી પડયા.

નચીકેતા માતાપીતાનાં ચરણને સ્પર્શ કરીને અને શ્વેતકેતુને ભેટીને કંબોજમાં આવેલી ઈન્દ્રની અમરાપુરી જવા નીકળી ગયો. યમ અમરાપુરીમાં રહેતા હતા.

ઘણા દીવસ, માસ ચાલતો ચાલતો નચીકેતા આખરે અમરાપુરીમાં યમ નીવાસ પહોંચ્યો. દ્વારપાલે એને રોકયો.

'યમ મહારાજ એમ મનુષ્યને મળતા નથી. એ તો મૃત્યુકાળ આવે ત્યારે જ આવે છે, અને અત્યારે પૃથ્વીલોક ગયા છે.'

નચીકેતા ત્યાં જ ઉંબરે બેસી ગયો અને દ્વારપાલને કહ્યું, 'યમ મહારાજના દર્શન નહીં થાય ત્યાં સુધી હું અન્નજળનો ત્યાગ કરું છું.'

ત્રણ દીવસે યમરાજ મહીષ પર બેસીને આવ્યા. મહીષના શૃંગ જેવી જ યમરાજની શ્મશ્રૂ (મૂછ) હતી. ભમ્મર ક્ષુરીકા (અસ્ત્ર) જેવાં અને ચક્ષુ વીશાળ. મેશ આંજેલા. તેમણે શ્યામ ધોતી પહેરી હતી, અને ઉત્તરીય પણ શ્યામ હતું. નચીકેતા તો તેમની વેશભુષા જોતા જ ડરી ગયા. મહીષ તો અસુરો રાખે છે. યમદેવે કેમ મહીષ સવારી માટે રાખ્યો હશે ? એને વીમાસણ થઈ. યમરાજ એની ઉપર દ્રષ્ટી નાંખ્યા વીના સડસડાટ સોપાન ચઢી યમપ્રસાદમાં જતા રહ્યા. 'આ દેવો, રાજન્યો, રાજકર્મચારીઓ આવા મીથ્યાભીમાની કેમ થઈ જતા હશે ?' નચીકેતાને પ્રશ્ન થયો.

દ્વારપાલે થોડી વારે અંદર જઈ યમરાજને શીર ઝુકાવી કહ્યું, 'મહારાજ, કોઈ બ્રાહ્મણપુત્ર ત્રણ દીવસથી આપના દર્શન માટે અન્નજળ ત્યાગી બેઠો છે. મેં કહ્યું, કીન્તુ એ ન માન્યો.'

'હે ?... બ્રાહ્મણપુત્ર ? ત્રણ દીવસથી ભુખ્યો, તરસ્યો ?' યમરાજ એકદમ ચોંકયા. બ્રાહ્મણ તો સાક્ષાત અગ્નીસ્વરૂપ છે. ભુતલનો દેવ છે. બ્રાહ્મણ અતીથી એક રાત્રી પણ જો

યજમાનને ત્યાં ભુખ્યો રહે તો તેનો સર્વનાશ થઈ જાય. તેં અન્નજળ કેમ ના આપ્યાં ?' યમરાજ દ્વારપાલ પર ક્રોધીત થયા.

દ્વારપાલ વીમુઢ થઈ ગયો. યમરાજ ધમધમ કરતા હાથમાં ખડ્ગ પકડી બહાર આવ્યા. 'અરે ઓ બ્રાહ્મણ અતીથી. તેં ત્રણ દીવસના ઉપવાસ કર્યા ? તો લે જા, તને હું ત્રણ વરદાન માંગવા કહું છું.'

'આભાર, યમરાજ,' નચીકેતાએ યમરાજનો ચરણ સ્પર્શ કર્યો.

'સર્વ પ્રથમ તો મારા પીતા રુષી ઉદ્દાલક અત્યંત ક્રોધી છે. તેમણે જ મને આપની પાસે ધકેલ્યો છે. તો તેમની પ્રકૃતી શાંત કરો.'

'મનુષ્યની પ્રકૃતી તેને જન્મથી જ પ્રાપ્ત થાય છે અને મૃત્યુ સુધી બદલી શકાતી નથી, વત્સ હું અસમર્થ છું. ક્ષમા કર. બીજું વરદાન' 'મને અગ્ની વીષયક જ્ઞાન આપો, દેવ.'

'આમ તો અગ્ની પર દેવોનો અધીકાર છે, પરંતુ હું તને યજ્ઞકર્મનું જ્ઞાન આપીશ.' કહી યમરાજાએ યજ્ઞકુંડની ભુમીતી. ઇંટનો પ્રકાર, સહસ્ત્ર પ્રકારના યજ્ઞો, પ્રતીદીન કરવાનો અગ્નીહોત્ર, પુર્ણીમા અને પ્રતીપદાએ કરવાના યજ્ઞ. ત્રીમાસીક, ષષ્ઠમાસીક, વાર્ષીક યજ્ઞો, દ્વાદશવર્ષીય યજ્ઞો ઈત્યાદીનું નચીકેતાને જ્ઞાન આપ્યું.

'નચીકેતા, આજથી તારે નામે અગ્ની ઓળખાશે, નચીકેતાગ્ની. હવે તૃતીય વરદાન માગ, વત્સ.' યમરાજ નચીકેતા પર પ્રસન્ન હતા.

'હે દેવ, હવે મને બ્રહ્મજ્ઞાન આપો. આત્મા પરમાત્માનું સ્વરુપ સમજાવો. **ચાર્વાક જેવા કેટલાક લોકો કહે છે,** મૃત્યુ પછી જીવન સમાપ્ત થાય છે, જ્યારે કેટલાક કહે છે, આત્મા અવીનાશી છે, તો સાચું શું ? તે મને કહો.'

'અરે વત્સ, આ તેં શું માંગ્યું ? બ્રહ્મજ્ઞાન તો અતી ગહન છે. સક્ષ્માતીસુક્ષ્મ છે. હજી દેવો પણ એક મતથી તેનું સ્વરુપ સમજી શકયા નથી. તું આ વરદાનની હઠ છોડ.' દંડપાણી બે પગ પછાડી પડી બોલ્યા.

'હે દેવ, હું હઠીલો છું, એટલે તો પીતાની ના હોવા છતાં હું આપ સમક્ષ ઉપસ્થીત થયો છું. બ્રહ્મજ્ઞાન લીધા વીના હું જવાનો નથી. અન્યથા હું અન્નજળ ત્યાગી પ્રાણત્યાગ કરીશ.' નચીકેતાએ હઠ પકડી.

'ના, ના, તો તો મને બ્રહ્મહત્યાનું પાતક લાગે. તું અન્ય રુષીઓની જેમ ગૌ, સુવર્ણ, રત્ન, અશ્વ, ગર્દભ, હસ્તી, દાસ, દાસી માંગ. તું કહે તેટલા તને શતાધીક સંતાનો આપું, સામ્રાજ્ય આપું.' યમરાજાએ નચીકેતાને ચલાયમાન કરવા પ્રયાસ કર્યો.

'ક્ષમ્યતામ્ દેવ, મારે કેવળ બ્રહ્માંડનું રહસ્ય જાણવું છે, બસ અન્યથા...'

'ના, ના, હઠ ન કર વત્સ. બ્રહ્મજ્ઞાન પરત્વે તો હું પણ અવઢવમાં છું. તું કહે તો મને તને સ્વર્ગનો અધીવાસી બનાવું. અત્રે સદાકાળ રહી મદીરાપાન કર. રંભા, મેનકા, ઉર્વશી જેવી સૌંદર્યમુર્તીઓનો ઉપભોગ કર.'

'યમદેવ, મને બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન સીવાય કશું ન જોઈએ.' નચીકેતા મકકમ રહ્યો.

'વત્સ, તું નહી જ માને એમ ને ? **બ્રહ્મજ્ઞાન વીશે તો દેવો પણ દ્વીધામાં છે. બ્રહ્મજ્ઞાન સમજાવવું કઠીન છે, સમજવું કઠીન છે.'**

'મારા પીતા અને સર્વ રુષીઓ માને છે કે આપ જ સાચા બ્રહ્મજ્ઞાની છો. દંડપાણી નચીકેતાની હઠ આગળ ઢીલા પડયા, 'ઠીક છે, તો સાંભળ, શુભ ને આનંદ બે ભીન્ન છે. જે શુભ પસંદ કરે છે, તે સુખ પામે છે. જે આનંદ મળે તેવું પસંદ કરે છે, તે દુ:ખી થાય છે. મનુષ્ય અજ્ઞાનતાના કારણે શુભ પસંદ કરતો નથી અને અંધ અંધને દોરે તેમ નીરર્થક જીવન મૃત્યુના ફેરા ફર્યા કરે છે. મનુષ્ય પોતાનું મન આત્મા પર સ્થીર કરે, તો તેને પોતાના આત્માના દીવ્યત્વનો અનુભવ થાય. આ અનુભવ આત્મનીરીક્ષણથી જ થાય. અભ્યાસ કે અધ્યયનથી ન થાય. મનુષ્ય પ્રેય કે શ્રેય માટે જ પુરુષાર્થ કરે છે. યજ્ઞ પ્રેય માટે અને આત્મજ્ઞાન શ્રેય માટે છે. પ્રેય ભ્રષ્ટ થાય છે, શ્રેય મંગલકારી છે. પ્રેયની સીદ્ધી અવીદ્યાથી જયારે શ્રેયની સીદ્ધી બ્રહ્મવીદ્યાથી થાય છે. બંનેના લક્ષ્ય અને પરીણામ ભીન્ન છે. અવીદ્યામાં પ્રકાંડ પંડીતો માને છે.'

'અર્થાત્, યજ્ઞકર્મથી બ્રહ્મવીદ્યા શ્રેષ્ઠ છે, નહી યમદેવ ?' નચીકેતાએ પુછયું.

'તું નથી જન્મતો. નથી મૃત્યુ પામતો. તું નથી કશાથી જન્મતો કે કશાથી બનતો. તું અજન્મા છે, અનંત છે. તારો વધ થઈ શકતો નથી. વધ માત્ર શરીરનો થાય છે. તું કોઈની હત્યા કરે કે કોઈ તારી હત્યા કરે તો હત્યા થતી નથી. ન તો આત્માની હત્યા થાય છે કે ન તો હત્યા કરી શકાય છે.'

'યમદેવ, તો તો હીંસામાં કશું ખોટું નથી. એમ કહેવાય ને ?' નચીકેતા એના સંશયી સ્વભાવ પ્રમાણે વચ્ચે બોલ્યો.

'વત્સ, તું પ્રથમ મને શાંતીથી સાંભળ. મન શાંત રાખ. પ્રશ્નો ન કર, શંકા ન કર.'

'ભલે, યમદેવ.' નચીકેતાએ હાથ જોડયા.

'આત્મા અણુથીય સુક્ષ્મ છે, અને વીશ્વથીય મોટો છે. સર્વ જીવના હૃદયમાં તે વસેલો છે, જે ઈચ્છાહીન થાય છે, દુ:ખથી પર થાય છે તેને પોતાનામાં રહેલા આત્માની મહાનતાનો અનુભવ થાય છે. ઈન્દ્રીય પર જે સંયમ રાખે છે, તે ત્રીલોક પામે છે.'

**'તો યમદેવ, ઈશ્વરે આપણને ઈન્દ્રીયો આપી જ કેમ ?' નચીકેતાથી ન રહેવાયું.**

'જો પાછો બોલ્યો, વત્સ ! મન શંકારહીત-પ્રશ્નરહીત કરી મને સાંભળ. શરીર રથ છે. આત્મા રથી છે, તો બુદ્ધી સારથી છે, ઈન્દ્રીયો અશ્વ છે. મન વાજીન સુત્ર છે. અર્થાત્ મન ઈન્દ્રીયો રુપી અશ્વને નીયંત્રીત કરે છે. આત્મા રથમાં બેસે છે. વાસ્તવ જગત તે માર્ગ છે. જો મન અશ્વોને યોગ્ય માર્ગે ન ચલાવે તો રથ ગંતવ્ય સ્થાને ન પહોંચે, કીંતુ જન્મ મરણના ફેરા ફર્યા કરે. જો મનુષ્ય જ્ઞાનવત હોય તો તે મનને એક સારા સારથીની જેમ નીયંત્રીત કરશે.'

'મનને કોણ નીયંત્રીત કરી શકે, યમદેવ ?'

'બુદ્ધી.'

'બુદ્ધીને ?'

'જો પાછો....નચીકેતા, તું પ્રથમ મને સાંભળ. જેમ કાષ્ટમાં અગ્ની ગુપ્ત છે. ગર્ભમાં શીશુ ગુપ્ત છે એમ આત્મા દેહમાં ગુપ્ત છે. જેમ દીપજયોતીનો અગ્ની, લોકઅગ્નીકુંડનો અગ્ની. દાવાનળનો અગ્ની એક જ છે, તેમ વીવીધ દેહમાં વસતો આત્મા પણ એક જ છે. પર્વત પર વર્ષા થાય છે ત્યારે અનેક નીર્ઝર વહે છે. અજ્ઞાની જન એના જળને વીવીધ સ્વરુપે જુએ છે, પરંતુ જળ એ જળ છે.'

'અર્થાત્, બ્રાહ્મણ અને શુદ્રનો આત્મા એક જ છે, એમ જ ને ?' નચીકેતાએ વળી પાછું પુછયું.

**'હા, નચીકેતા, તું યોગ્ય જ સમજયો છે.' યમદેવે પ્રસન્નતાથી કહ્યું.**

**'તો પછી આ વર્ણના ભેદભાવ શાના માટે ?'**

'નચીકેતા, પ્રથમ તું બ્રહ્મજ્ઞાન આત્મસાત્ કર. પછી ઐહીક જ્ઞાનમાં જા.' યમદેવ ચીડાયા.

'ઈન્દ્રીયોથી મન, મનથી બુદ્ધી, બુદ્ધીથી પ્રકૃતી, પ્રકૃતીથી પુરુષ, પુરુષથી આત્મા શ્રેષ્ઠ છે. આત્મા અમૃત છે. શરીર મરે છે. કીન્તુ આત્મા રહે છે. નચીકેતા તું ઉઠ, જાગ અને આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મંડેલો રહે, અને સાંભળ. કાળ, બ્રાહ્મણ અને ક્ષત્રીયનું પણ ભોજન કરે છે. સ્વયં મૃત્યુને પણ કાળ ચટણીની જેમ ખાઈ જાય છે. કર્માનુસાર જીવાત્મા બીજું શરીર ધારણ કરવા વીર્ય સાથે માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે. પુણ્યાત્મા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરે છે. પાપાત્મા તૃણ, વૃક્ષ, પર્વત આદી થાય છે. ઉર્ધ્વમુલ અશ્વત્થ વૃક્ષના મુળમાં

પરબ્રહ્મ છે. મુખ્ય શાખા બ્રહ્મા છે. ઉપશાખાઓ દેવ, પીતર, મનુષ્ય, પશુપક્ષી ઈત્યાદી છે. પરબ્રહ્મના દીવ્ય સ્વરુપને ચર્મચક્ષુઓથી જોઈ શકાતું નથી. કીંતુ સતત તેનું ચીંતન કરવાથી વીશુદ્ધ બુદ્ધી વડે તે જોઈ શકાય છે. સમજ્યો ? અને હજી સાંભળ. ભીતરમાં ન તો, સુર્ય, ન ચંદ્ર, ન તારક, ન વીદ્યુત રેખા ન તો યજ્ઞકુંડનો પ્રકાશ જતો હોય છે. આત્મા સ્વયં પ્રકાશીત છે, અને તેના થકી સર્વ પ્રકાશમય છે. વીશ્વ આત્મપ્રકાશથી ઝળહળે છે. હૃદયની ગ્રંથીઓ એક થાય છે ત્યારે મનુષ્ય લૌકીક વળગણોથી મુકત થાય છે. નચીકેતા, અંગુષ્ઠ જેવડો આત્મા માનવ હૃદયમાં સદાકાળ વસે છે, સમજપુર્વક આત્માને દેહના આવરણમાંથી નેતરના પાનની જેમ ચુંટી લેવો જોઈએ. આત્મા શુદ્ધ અને અમર છે. એમ સમજ.'

**'આભાર, યમદેવ. આપે મને આપનું બ્રહ્મજ્ઞાન સમજાવ્યું, પરંતુ તેનું કોઈ પ્રમાણ તો આપ્યું નહીં. પ્રમાણ વગર હું કેમ માની લઉં ?' નચીકેતાએ સંશય વ્યકત કર્યો.**

**'નચીકેતા, તું સંશયી છે. દરેક વસ્તુના પ્રમાણ ન હોય. પુર્વસુરીઓ કહે તે માની લેવાનું હોય.'**

**'ક્ષમ્યતામ્, યમદેવ, પ્રમાણ વીનાની કોઈ વાત હું સ્વીકારતો નથી. મને વીદાય આપો.' નચીકેતાએ કદાચ કહ્યું હશે, એમ લાગે છે.**

(પ્રવીણ ગઢવી તરફથી મળેલ આ લઘુકથા રેશનાલીઝમ સમજવાને માટે ઘણું કહી જાય છે. જ્યાં સુધી તમે સંશય ન કરશો ત્યાં સુધી અવાસ્તવીક એવા આત્મા-પરમાત્માનાં ચકકરમાં ચકરાવા લીધે જ રાખશો ! -સુ.)

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

દીવ, દમણ, દાદરા નગરહવેલી કેન્દ્રશાસીત પ્રદેશ છે. આથી એ વીસ્તારની રાજયકક્ષાની બાલવીજ્ઞાન કોંગ્રેસનું આયોજન અલગ થાય છે. તેમાં સત્યશોધક સભાના ભુતપુર્વ પ્રમુખ અને કારોબારી સભ્ય સીદ્ધાર્થ દેગામી સ્ટેટ કો.-ઓર્ડીનેટર છે. એ વીસ્તારની યોજાયેલ કોંગ્રેસનું દેગામીએ સફળતાપુર્વક સંચાલન કર્યું હતું. સત્યશોધક સભાના ઉપપ્રમુખ મનસુખ નારીઆએ પણ તેમાં હાજર રહી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. એના પુર્ણાહુતી સમારંભમાં એ વીસ્તારના શીક્ષણ વીભાગના સચીવ શ્રીમતી અંકીતા આનંદ (આઈ.એ.એસ.) ની પ્રેરક ઉપસ્થીતી હતી.

## ‘સત્યના પ્રયોગો’ માં ગાંધીજીનું સત્યાન્વેષણ

તંત્રની સામે ઝઘડો શોભે, તંત્રીની સામે ઝઘડો કરવો તે પોતાની સામે કર્યા બરોબર છે. મારા જીવનમાં એવા બનાવો બન્યા જ કર્યા છે કે જે વડે હું અનેક ધર્મીઓના અને અનેક જાતીઓના ગાઢ પરીચયમાં આવી શકયો છું. એ બધાઓના અનુભવો પરથી એમ કહી શકાય કે મેં સગાં અને પરાયાં, દેશી અને પરદેશી, ગોરા અને કાળા, હીંદુ અને મુસલમાન અથવા ખ્રીસ્તી, પારસી કે યહુદી વચ્ચે ભેદ નથી જાણ્યો. મારું હૃદય એવા ભેદને ઓળખી જ નથી શકયું એમ કહી શકું છું.

* * *

હું તો જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતી હતો. મને પોતાને હું તેનો શીક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઈ સારી પેઠે પજવતો.

કસ્તુરબાઈ બોલી : ‘તમને તો લાજ નથી મને છે. જરા તો શરમાઓ. હું બહાર નીકળીને કયાં જવાની હતી ? અહીં માબાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવા જ રહ્યા.હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ.’

* * *

આત્મકથા, ઈતીહાસ તરીકેની અપુર્ણતા ને તેની મુશ્કેલીઓ વીશે મેં પુર્વે વાંચેલું, તેનો અર્થ આજે હું વધારે સમજું છું. સત્યના પ્રયોગોની આત્મકથામાં જેટલું મને યાદ છે તેટલું બધુંય હું નથી જ આપતો એ હું જાણું છું. સત્યને દર્શાવવા સારુ મારે કેટલું આપવું જોઈએ એની કોને ખબર ? અથવા એક તરફી અધુરા પુરાવાની કીંમત ન્યાયમંદીરમાં શી અંકાય ? લખાયેલાં પ્રકરણો ઉપર કોઈ નવરો મારી ઉલટતપાસ કરવા બેસે તો કેટલું બધું અજવાળું આ પ્રકરણો ઉપર પાડે ? અને વળી તે ટીકાકારની દ્રષ્ટીએ તપાસ કરે તો કેવાં ‘પોકળો’ પ્રકટ કરી જગતને હસાવે ને પોતે ફુલાય !

* * *

એટલે જ્યારે બોઅર-બ્રીટીશ યુદ્ધ શરુ થયું ત્યારે મારું ઘર ભરેલું છતાં મેં જોહાનીસબર્ગથી આવેલા બે અંગ્રેજોને સંઘર્યા. બંને થીયોસોફીસ્ટ હતા. તેમાંના એકનું નામ કીચન હતું. જેમનો પ્રસંગ આપણને હવે પછી પણ કરવો પડશે. આ મીત્રોના સહવાસે પણ ધર્મપત્નીને તો રડાવી જ હતી.

* * *

જખમો, તાવ, અજીર્ણ, કમળો ઈત્યાદી દર્દોને સારુ માટીના, પાણીના ને અપવાસના પ્રયોગો નાનાંમોટાં, સ્ત્રીપુરુષો ઉપર કર્યા અને ઘણાખરા સફળ થયા. આમ છતાં જે હીંમત મને દક્ષીણ આફ્રીકામાં હતી, તે અહીં નથી રહી, અને અનુભવે એમ પણ જોયું છે કે આ પ્રયોગોમાં જોખમો રહ્યાં જ છે.

આ પ્રયોગોના વર્ણનનો હેતુ મારા પ્રયોગોની સફળતા સીદ્ધ કરવાનો નથી. એક પણ પ્રયોગ સર્વાંશે સફળ થયો છે એવો દાવો કરી શકાય એમ નથી.

*　　*　　*

વીવાહમાં ખર્ચ તો કંઈ જ કર્યું નહોતું. વીવાહનો કંઇ ખાસ પોશાક પણ નહોતો.એમને ધર્મવીધીની ગરજ નહોતી. મીસીસ પોલાક જન્મે ખ્રીસ્તી ને પોલાક યહુદી હતા. બંનેની વચ્ચે જે સામાન્ય ધર્મ હતો તે નીતીધર્મ હતો.

*　　*　　*

આજ લગી જ્યાં થોડાઘણા પણ પરીચીત ગોરા પુરુષો મારી સાથે રહેલા. હવે એક પરીચય વીનાની અંગ્રેજ બાઈ કુટુંબમાં દાખલ થઈ. મને પોતાને તો કોઈ દીવસ કશો વીખવાદ થયો હોય એવું યાદ નથી. પણ જ્યાં જ્યાં મારી પત્નીને આવા અનુભવ જુજ હતા, ત્યાં એમને બંનેને કોઈ વાર ઉદ્વેગના પ્રસંગો આવ્યા હશે. પણ એક જ જાતીના કુટુંબને તેવા પ્રસંગો જેટલા આવે તેના કરતાં આ વીજાતીય કુટુંબને વધારે તો આવ્યા નથી જ. બલ્કે, જે આવ્યાનું મને સ્મરણ છે તે પણ નજીવા ગણાય. સજાતીય, વીજાયીત મનના તરંગો છે. આપણે સૌ એક કુટુંબ જ છીએ.

*　　*　　*

---

## ચાલો આપણે 'રેશનાલીઝમ'ના પંથે વળીએ !

**–રમેશ પટેલ**

આપણે ધાર્મીક નહીં પરંતુ આત્મીયજન બનીશું, તો વીશ્વમાં સુખ-શાંતી અને આનંદનું વીસ્તરણ કરી શકીશું.

હવે આપણે રેશનાલીઝમના પંથે પ્રમાણ કરવા આટલું જરૂર અપનાવીએ.

* બુકે ને બદલે બુક આપીએ.

* જ્યોતીષમાં શ્રદ્ધા નહીં રાખીએ.

* કોઈપણ વ્રત-ઉપવાસ નહીં રાખીએ.

* કોઇપણ બાધા નહીં રાખીશું.
* ધાર્મીક કથાઓ સાંભળવા નહીં જઇએ.
* નવા મંદીરોને બદલે આપણે ગ્રંથાલયો બાંધીએ.
* આપણાથી વીરોધી વીચારોને પણ ધ્યાનથી સાંભળીએ.
* ફટાકડાઓ નહીં ફોડીએ.
* વાહનો પર લીંબુ-મરચાં નહીં બાંધીએ.
* જાહેર સ્થાને ગંદગી ન ફેલાવીએ.
* બેન્ડ-વાજા નહીં વગાડીએ.
* વાહનોનાં હોર્ન નહીં વગાડીએ.
* દહેજ પ્રથાનો ત્યાગ કરીએ.
* બાળકોને નહીં મારીએ. વાત્સલ્યભાવ કેળવીએ.
* હકારાત્મક અભીગમ અપનાવીએ.
* શુભ-સુંદર વીચારો ફેલાવીએ.
* વાદ-વીવાદ-સંવાદ રચીએ.
* ગ્રહોની વીંટી નહીં પહેરીએ.
* કોઇકને પણ દુઃખ થાય એવું વર્તન નહીં કરીએ.
* આત્મા-પરમાત્મા ભગવાનમાં નહીં માનીએ.
* વેર-ઝેર ઈર્ષાનો ત્યાગ કરીએ.
* મળેલી પ્રત્યેક ક્ષણ-સમયનો સદુપયોગ કરીએ.
* નર્ક-સ્વર્ગમાં નહીં માનીએ.
* માનવવાદી જીવનકલા અપનાવીએ.
* રુઢીગત પુર્વગ્રહો ત્યાગીએ.
* અવૈજ્ઞાનીક માન્યતા ત્યાગીએ.
* રંક-મજુરોનું શોષણ નહીં કરીએ.
* નૈસર્ગીક સૌંદર્ય માણીએ.
* મૃત્યુને મહોત્સવ માનીએ.
* હૃદયની આંખે વીશ્વ નીહાળીએ.

* દેહ દાનની વ્યવસ્થા કરીએ.
* અંધશ્રદ્ધાના પ્રચાર-પ્રસારને રોકીએ.
* ઉંચ-નીચના ભેદભાવોને ત્યાગીએ.
* વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના કેળવીએ.
* સંતો અને પ્રપંચી બાપુઓને નહીં નમીએ.
* વીવેકબુદ્ધીથી નીર-ક્ષીર તારવી વીજ્ઞાનમય વર્તન કરીએ.
* ખાણી-વાણીનો વીવેકપુર્ણ કરકસરથી ઉપયોગ કરીએ.
* જન્મકુંડળીને નદીમાં પધરાવીએ.
* ‘વાસ્તુશાસ્ત્ર’માં બીલકુલ નહીં માનીએ.
* મીથ્યા ક્રીયાકાંડ ત્યાગીએ.
* શુકન-અપશુકનમાં નહીં માનીએ.
* સંવેદનશીલ બની, આપણે સાચા અર્થમાં ‘માણસ’ બનીએ.
* નશો કરવા ચાંદની પીવાનું રાખીએ.
* આસ્તીક કરતાં નાસ્તીક બનવામાં સાચી માનવતા છે એવું જરુર સ્વીકારીએ.
* કોઈ કોઈના ગુરુ નથી... આપણે જ આપણા ગુરુ બનીએ.
* ભગવા વસ્ત્રો નહીં પહેરીએ.
* ગમતાં પુસ્તકો ખરીદી-ઘરમાં અંગત લાઈબ્રેરી બનાવીએ.
* કપાળ પર ટીલાં-ટપકાં નહીં કરીએ.
* અંતીમક્રીયામાં ‘ગેસ’નો અથવા ‘વીજળી’ ઉપયોગ કરીએ.
* મુહુર્તમાં નહીં માનીએ.
* શાળાઓમાં ‘પ્રાર્થના’ ને બદલે વીજ્ઞાન-સમાચારો વંચાવીએ.
* નાનાં બાળકોને ધાર્મીક શીક્ષણ નહીં આપીએ.
* અવૈજ્ઞાનીક વલણો ત્યાગીએ.
* બાળકોનો સ્વતંત્ર વીકાસ કરવા દઈએ.
* અધીકાર કરતા ફરજને વફાદાર બનીએ.
* સ્વાભીમાન રાખી રાષ્ટ્રપ્રેમી બનીએ.
* ઘરની દીવાલ પર ધાર્મીક નહીં, પણ પ્રાકૃતીક-નૈસર્ગીક ફોટાઓ રાખીએ.

* ગણેશ પુજન-યજ્ઞ જેવી કોઈ પણ ધર્મની અવૈજ્ઞાનીક વીધીનો ત્યાગ કરીએ.
* ભુત-પ્રેતમાં નહીં માનીએ.
* રેશનાલીઝમ અને વીજ્ઞાનનાં પુસ્તકો વસાવીએ.
* સાચો નાગરીક-ધર્મ અપનાવીએ.
* માનવીય ગૌરવ કરતા શીખીએ.
* 'સત્યનારાયણ' જેવી કોઈપણ ધર્મની કથા-પુજા નહીં કરાવીએ.
* 'જય સંતોષી માં' જેવા કોઈપણ ધર્મના દૈવી તત્ત્વમાં નહીં માનીએ.
* ધાર્મીક માસીકો કરતાં 'સત્યાન્વેષણ' જેવા રેશનાલીઝમને પંથે લઈ જતા મેગેઝીનો વસાવીએ.
* આનંદ-ઉત્સાહથી જીવન જીવીએ.
* અજાતશત્રુ બનીએ.
* નીરુપદ્રવી-નીરાભીમાની બનીએ.
* રેશનાલીઝમ જ જીવનનો સાચો પંથ છે. - એને અપનાવીએ.
* વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણ કેળવીએ.
* પૈસા (ધન) ની દેવી લક્ષ્મી અને વીદ્યાની દેવી સરસ્વતી - એ કાલ્પનીક દેવીઓમાં નહીં માનીએ. અસ્તુ !

* * *

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

---

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

મેળવવા માટે મ. ઓ. કરો.

# વલયનું રાજ

પૃથ્વી દડા જેવી ગોળ હોવાનું પુરવાર થયું એટલે સીધી રેખાનો ભ્રામક ખ્યાલ દુર થયો. પૃથ્વી સીધી, સપાટ, સપાટ પણ ગોળ, જેવા ખ્યાલો ભ્રામક હતા તે માનવજાતે સ્વીકાર્યું. અલબત્ત, હજી કેટલાક જુથો પોતાની જુની માન્યતા ન છોડવાની જડતા કેળવીને બેઠા છે ! દડા જેવી ગોળ પૃથ્વીને કારણે એ સમજાયું કે વૈજ્ઞાનીક વીચારણા સીધી રેખાને આધારે નહીં પણ મહદ્અંશે વલયના આધારે કરવી પડશે. આથી જ ત્રીકોણનું ઉદાહરણ લેવામાં આવ્યું કે વીષુવવૃત્તથી ઉત્તર ધ્રુવને શીરોબીંદુ બનાવીને ત્રીકોણ દોરીએ તો એના ત્રણ ખુણાનો સરવાળો ૧૮૦° નહીં થાય, પરંતુ ૨૭૦° થાય ! આ જ વાતને સૌથી પહેલા આઈનસ્ટાઈને ઈ. સ. ૧૯૦૫માં એની ‘સ્પેશ્યલ થીયરી ઓફ રીલેટીવીટી’માં આગળ વધારી કે સમગ્ર અવકાશ (space) પણ વલયવાળું જ છે. આઈનસ્ટાઈને ત્યાર પછી જોયું કે અવકાશ અને સમય તો પરસ્પર સાથે સંકળાયેલા છે. એનો અર્થ એ કે આપણી વચ્ચેથી જે સમય પસાર થાય છે તે પણ સીધી રેખામાં પસાર થતો નથી, એ વલયાકારે જ પસાર થાય છે !

આઈનસ્ટાઈનની આ શોધ વારંવાર કસોટીએ પાર ઉતરી છે. આથી વીસમી સદીની શરુઆતથી વીજ્ઞાનના ઈતીહાસમાં બહુ મોટો વળાંક આવ્યો. વીજ્ઞાનની આ બધી વાતો આપણને સમજાવે છે કે મગજ હમેશાં ખુલ્લુ રાખો. નવેસરથી વીચારો. કોઈ એક વીચારણાને ફેરવી નાંખતી હકીકતો સમજાય તો તેને પગલે પગલે સંબંધીત વીચારણાઓને પણ ફેરવો. આપણે આવું કરીએ તો વૈજ્ઞાનીક મીજાજ કેળવવા અને રેશનલ થવાની દીશામાં આપણે આગળ વધી શકીએ.

## જાદવ પુછે છે

આપણા મંત્રી જાદવ વેકરીયા પુછે છે : સમાજ માટે માણસનું કયું કાર્ય ઉત્તમ ગણાય ?

સમાજનો કુલ નીર્દોષ આનંદ ઓછો નહીં થાય તે જોવાની આપણી સાવચેતી, અને તેમાં વધારો થાય તે માટે આપણો નીઃસ્પૃહ ફાળો. સમાજ રેશનાલીઝમ અપનાવીને માનવવાદ તરફ જાય તેવા સઘળા પ્રયત્નો.

---

સત્યશોધક સભાની કારોબારીએ ટુંક સમયમાં ‘પ્રમોદચંદ્ર પાઠકજી વકતૃત્વ સ્પર્ધા (માધ્યમીક શાળાઓ, સુરતની) યોજવાનો નીર્ણય લીધો છે.

## રમણભાઈ પાઠક જન્મશતાબ્દી વર્ષ ઉજવણી નીમીત્તે વીશેષ

# નમણું જીવ્યાં, શમણું જીવ્યાં

**–સરોજ પાઠક**

રમણ પાઠક અસામાન્યતાના આશક. એમનાં બધાં જ વલણમાં કયાંય ચીલાચાલુતા નહીં, એકવીધતા નહીં. એટલે પેલી અધકચરા ને હવાઈ ખ્યાલોવાળી બાળકી જેવી પત્ની તો હવાઈ સ્વપ્નાં ઉડી રહ્યાં છે એવા ધ્રાસ્કા ડગલે ને પગલે અનુભવે. એ આઘાતને કારણે મનોમન કેટલીયવાર ડેથવીશ પંપાળતી. 'જોજેને, મરી જ જઈશ. મરીને દેખાડીશ !'

પણ રમણ પાઠક સમાજ ક્ષેત્રે અને વ્યવસાય ક્ષેત્રે પોતાની પત્નીને જાણે એક બાળકીની જેમ નવેસરથી ઉછેરતા રહ્યા : રાંધવું, ખાવું, સ્થાયી નોકરી, સ્થીર જીવન, બંગલા બંધાવવા અને સ્ત્રી એટલે ઘર, વર, બાળકો, રસોડું-એવી રેઢીયાળ એકવીધતા એમણે તોડી બતાવી. બીજી તરફ એક જ પ્રકારની નોકરીમાં, એક જ સ્થળે સતત સહજીવન ગાળવામાં એવું વાસીપણું લાગે કે ચેન્જ ફોર ધ વર્સ્ટ - એમ વીચારી સ્થળ ને નોકરી પણ ત્યાગી દેખાડયાં. એમની આવી રુઢીભંજક જીવનરીતીથી સામાન્ય કન્યાને ધ્રાસ્કા ન પડે ?

વળી, લોકો ટીકા કરે, સ્વજનો ઠપકો આપે, સગાંઓ દયા ખાય, પણ ધીંગો ધણી ડરે નહીં. ઉલટો આનંદ અનુભવે ને 'મરી જઈશ' કહેનારી હું જીવ્યા કરું-નમણું, શમણું ને બમણું એકવીધતા કે વાસીપણું ન આવે ને જીવનરસ જળવાય એ પ્રમાણે જ એમણે ગૃહીણી બની દેખાડયું. આ શરુઆતના સહજીવનના દસકાના સંઘર્ષ, પ્રતીકુળતાઓને તેમણે ગમ્મત-ખેલ બનાવી આપ્યાં.

અમારા સહજીવનના આ ઉત્તરાર્ધ પ્રસંગે રમણભાઈના પંચોતેર વર્ષ પુરાં થયાં હતાં ત્યારે પાછળ નજર કરું છું તો પેલો 'ત્વમેવ'વાળો પીતા, બંધુ, સખાનો સન્દર્ભશ્લોક યાદ આવે છે. મારાં માતાપીતા દ્વારા જન્મ-ઉછેર થયો તે પુર્વાર્ધ એક અકસ્માત જ જાણે. મારો સાચો જન્મ તો આ 'ત્વમેવ'ને જ આભારી. પતીના ઉંચા, આધુનીક, ગૃહીતમુકત-વીચારવ્યવહારનું જ હું ફરજંદ છું.

પરીણીતા સ્ત્રીને સહજીવનમાં આટઆટલું મળી શકે ? લગ્ન પછી બાળક ત્રણ વર્ષનું થયું એટલે, 'નથી ભણવું' કહેનારીને તેમણે પોતાની ધગશથી બી. એ., એમ. એ. કરી,

ત્યારથી પ્રાધ્યાપીકા, લેખીકા બની ત્યાં સુધી પ્રેમાળ, હુંફ અને માર્ગદર્શન એમનાં જ. એમના જ વીલ પાવરનો હું ચમત્કાર. પત્ની તરીકે બંધનરહીત સ્ત્રીસૌભાગ્ય સાંપડયું. સ્ત્રીપુરુષનું આદર્શ સહઅસ્તીત્વ કેવું હોય તેનો ભવ્ય પુરુષાર્થ એમણે દેખાડયો. સ્ત્રી-સ્વાતંત્ર્યની વાતો તો ઘણાય પુરુષો કરે છે, પણ એને આટલી હદે પ્રતીતીથી અમલમાં મુકનાર મારા પરીચયમાં કોઈ નથી દેખાયા. પત્ની યા સ્ત્રી તરીકેનું એક પણ બંધન કે મર્યાદા મારે માથે ફરજીયાત નથી લદાયા. સ્વેચ્છાએ કે આનંદથી મેં મારી રીતે પાળ્યાં હોય એ વાત જુદી. વળી એથી બન્ને પક્ષે સહેવું પણ પડયું. એ ઢાલની બીજી બાજુ. મેં પોતે ગૃહજીવન કે ગૃહસ્થજીવનનો કોઈ ખાસ લહાવો લીધો નથી,

આજે સાડા ત્રણ દાયકાનું અમારું લગ્ન જીવન આવું જ સહઅસ્તીત્વ બની ગયું છે. (રમણભાઈના ૭૫ મા વર્ષે) આજે આ જાહેર લખાણમાં જાણે તાજા જ ભુતકાળના રેશમી કાગળના સુગંધભર્યા પૃષ્ઠો ઉથલાવતી હોઉં એવું લાગે છે. મુંબઈની સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં ભણતી. બી. એ.નું ભણતર છોડયું ત્યાં સુધી મુંબઈના પ્રાર્થના સમાજ વીસ્તારના રુઢીચુસ્ત વૈષ્ણવ કુટુંબની દીકરી, જે તદ્દન સામાન્ય અને કાચીપાકી સમજ સાથે રમણ પાઠકના પ્રેમમાં પડેલી. ભયભીત, ખોપરીમાં અનેક દુષણો અને કુટેવના કાદવકીચડ ભર્યા હતા. ભાગીને પ્રેમલગ્ન કરવાનું દુઃસાહસ કરી બેઠી. આંતરજ્ઞાતીય ભાગેડું લગ્ન પછી દીલ્હી જેવા સ્થળે દાંપત્યજીવનની કપરી વાસ્તવીકતામાં અમે આવી પડયાં.

બીજી તરફ ફીલ્મી દ્રશ્યોવાળો પીયરનો પરીવેશ : ચોર પાછળ કાબેલ કુતરા છોડી મુકવામાં આવે એ રીતે શોધખોળ થતી. ‘મે ઝહર ખા કે મર જાઉંગી’ કહેતી મા. વળી ખબરો આવ્યા કરે : ‘તું અમારે માટે મરી ગઈ છુ.’ ‘હું એને પાતાળમાંથી પકડી પાડીશ.’ ‘કોર્ટમાં હાજર કરીને જ જંપીશ.’ પડોશી, સગાં, ભાંડુઓ, મા, મોટો ભાઈ, જાણેભેદુઓ... પણ બધા આવ્યાં.’ પહોંચ્યા ત્યાં સુધીમાં તો પેલી કન્યા માતા બનવાની વીનમ્રતા લઈને હાજર થઈ. બસ પછી તો દીલ્હીના આકાશવાણી પરીવારની હુંફે ખાધુંપીધું ને રાજ કીધું.

પણ લગ્ન બાદ ઘર માંડવું, ઘર ચલાવવું, સગર્ભાવસ્થા, પ્રસુતીનો પ્રસંગ, બાળક જન્મ, તેનો ઉછેર, તે પછી અધુરું ભણતર પાછું શરુ કરવું, સાહીત્ય પ્રવૃત્તી, નૃત્ય તાલીમ, નાટય પ્રવૃત્તી દીલ્હી ખાતે જ નાની મોટી નોકરી....આ બધામાં મારા ‘વીર’ એ.આઈ.આર.વાળા’એ એકલે હાથે લગ્નસંસાર ચલાવી દેખાડયો. ‘પરણવું જ નથી.’ એમ કહીને રમણ પાઠકે પોતાની

જ્ઞાતીની સગાઈ તોડી નાંખી હતી. એ જ પુરુષે દીલ્હીની અદાલતમાં મેજીસ્ટ્રેટ સમક્ષ લગ્ન નોંધણી ફીના રુપીયા બેનો ખર્ચ કરી વીલક્ષણ પગલું ભર્યું. સરોજ ઉદ્દેશી સાથે લગ્ન કરી તેને સરોજ પાઠક બનાવી. જીવનનાં એશઆરામ પણ ભોગવ્યા નહીં. ઉલટાનું એને તુચ્છ મહત્વાકાંક્ષા કે ચીલાચાલુતા ગણી કાઢે. એવી બન્નેની સહમતીથી વર્ષો પહેલાં એક જ સંતાન અને તે પુત્રી (આજે તે અડતાલીસ વર્ષની છે.) તેનું પણ ગૌરવ અને સંતોષ છે.

વ્યવહારીક અણઘડતા એ અમારી મોટામાં મોટી સમસ્યા. બન્ને ઉડાઉ. બન્ને ભુલો કરનારાં, છેતરાઈને હસી કાઢનારાં, વળી પતી તો સીદ્ધાંતવાદી એટલે અકારણ પણ કેટલીય આપત્તીઓ વહોરનારા. ‘એક પ્રસંગ ખાસ યાદ આવે છે : અમે ભાડે રહેતાં હતાં સુરતમાં. પહેલી તારીખે મકાન ખાલી કરી આપવાનું વચન આપેલું. તે બરાબર પાળ્યું. બાકી કાયદો તો અમારી તરફેણમાં. અન્ય છાપરું ન મળ્યું ત્યારે સામાન મીત્રોને ત્યાં મુકી નવ દીવસ સુધી ફુટપાથ-ઉઘાડા આકાશ નીચે મકાન શોધતાં રહ્યાં, પણ આવા પ્રસંગોએ અમે એને સહીયારી આફત માની હતી.

વાનપ્રસ્થાશ્રમનાં પગથીયાં સુધી આ સંલગ્નતા સચવાઈ, એનો સાચો યશ તો એમને જ આભારી છે. વ્યકતીસ્વાતંત્ર્યનો વાસ્તવીક આદર્શ એમણે નજર સામે મુકયો. ‘તમને ગમે તે આનંદની પ્રવૃત્તી તમે કરો. મને ગમે તે હું કરું, પણ જરુર પડયે એકબીજાની પડખે આવી ઉભા રહેવું...’

‘અલગતામાં એકતા’ના સીદ્ધાંત પર અમે જીવતા રહ્યા છીએ. સમાજને વીચીત્ર લાગે એવો સહજીવનનો સીદ્ધાંત અમને અનુકુળ બની ગયો. શું ખોટું ને શું સાચું - સારું એ બાબતનું સંપુર્ણ તટસ્થ અને ઓબ્જેકટીવ મુલ્યાંકન કરવાની ર. પા.ની ગજબની પ્રકૃતી. બાકી, હું તો ઘણી સબ્જેકટીવ, છતાં સંગનો રંગ પાકકો ચડીને જ રહ્યો. બાકી છમકલાં તો પારાવાર ને ‘છુટાછેડા’ શબ્દોની ગમ્મતોય અસંખ્ય વાર, લાડથી સોગંદ લઈ - દઈએ એવી રીતે કરી છે.

સુખની આગવી વ્યાખ્યાવાળુ અમારું નીરપેક્ષ સખ્ય. સહઅસ્તીત્વ, સહજીવન અને અમારી સંલગ્નતા-જે રીતે કંડારાઈ ગયાં તે અન્ય જોડલાંને ન જચે, નવાઈ પણ લાગે, ‘હાય રે કેવું ? તમારે નોકરી ખાતર કેટલો બધો વખત જુદાં રહેવાનું. એકલા રાંધી ખાવાનું અઠવાડીયે મળવાનું-કેવી એકલતા લાગતી હશે ?

અરે ભાઈ ! તમે તો દયા ખાઓ છો, પણ અમારે તો આ વાનપ્રસ્થમાં નવો જીવનરસ પ્રાપ્ત થયો છે. અમે ફરીથી પ્રણયજીવન જીવી રહ્યાં છીએ. નીરાંત જીવે પોતપોતાનાં રસપોષક ક્ષેત્રોને યથેચ્છ ખેડવાની કેવી નચીંતતા ને મોકળાશ ! લેખન, નાટયપ્રવૃત્તી, સાંસ્કૃતીક પ્રવૃત્તી વ્યાખ્યાન, સેમીનાર, ભાષણ, આકાશવાણી મીટીંગો, જવાબદારીભર્યાં પદ... આવી ઈતર પ્રવૃત્તીઓમાં ન અમને રસોડાની મર્યાદા નડે, ન ઓફીસનો સમય, ન વેળાસર ઘેર આવી જવાની ચીંતા કે ન સગાસંબંધીવાળા કુટુંબનો બોજ !

વળી આંતરીક વાત કરું તો એક છાપરે, એક રુટીનનાં લાંબા ગાળે સ્ત્રીપુરુષનાં આકર્ષણ અને કન્સર્નમાં ઓટ આવે, લગ્ન જીવનનું વસ્ત્ર કધોણું રંગ ઉડી જાય તેવું લાગે. તેને બદલે આ વાનપ્રસ્થાશ્રમમાંય પત્રલેખન, ટેલીફોન, ટ્રંકકોલ અને ‘અહીં મળજો’, ‘આવી રહેજો’, ‘જઈશું.......’ નવા નવા કાર્યક્રમોથી જીવનનો આ તબકકો પણ સભર-સમૃદ્ધ લાગે. શેષ આયુષ્યમાં આવું સાહચર્ય મળે એ જ ધન્યતા. ન કોઈ ફરીયાદ, ન અભાવ...

હરીશ મીનાશ્રુની પંકતીમાં મારા ઉદ્‌ગારો આવા છે :

‘નમણું જીવ્યાં, શમણું જીવ્યાં,
ધાર્યા કરતાં બમણું જીવ્યાં !’

It is no wonder to find someone whom I don't need to play games with and who lives up to everything that I consider important, right and beautiful.

**(‘રમણભ્રમણ’ ચંદ્રકથી આભુષીત ગોવીંદ મારુના ‘અભીવ્યકતી’ બ્લોગમાંથી સાભાર)**

## વાચકોના મીતભાષી અભીપ્રાયો

* **બી. ડી. પટેલ, સરધાર, તા. જી. રાજકોટ (મો–૯૪૦૮૭ ૫૧૭૨૧)**

જયારથી હું ‘સત્યાન્વેષણ’ લવાજમનો આજીવન ગ્રાહક બનેલ છું ત્યારથી આજ દીન સુધીમાં પુસ્તીકાઓનો સંગ્રહ મારી પાસે મૌજુદ છે. જયારે-જયારે મને ફુરસદ મળે છે. ત્યારે ત્યારે આ પુસ્તીકાઓનું વારંવાર વાંચન કરું છું, અને મારા વીચારો તેમજ રેશનાલીસ્ટ વીચારધારાનો પ્રચાર-પસાર કરતો રહું છું.

# બીન સાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા–૮

**સુર્યકાન્ત શાહ**

તા. ૧૫-૯-૧૨ થી ‘સત્યાન્વેષણ’માં જે ‘ગીતા મીમાંસા’ થઈ હતી તે ઈસ્કોનના પ્રભુપાદે ગીતાના કરેલા અનુવાદ પર આધારીત હતી. એ મીમાંસાને કેન્દ્રમાં રાખીને અત્રે એ તપાસવાનો હેતુ છે કે ‘ગીતા’નું અધ્યાપન-અધ્યયન આપણા બીનસાંપ્રદાયીક શીક્ષણમાં કેટલું પ્રસ્તુત બનશે.

સ્વાધ્યાય સાતના ત્રીજા શ્લોકની સમજુતીમાં પ્રભુપાદે એક કલ્પના દર્શાવી છે કે યજ્ઞમાં પુણ્ય જેમનાં ક્ષીણ થઈ જાય છે તેવા જીવ પૃથ્વી પર વર્ણરુપે ઉતરે છે. આખરે એ ધાન્ય બની એમાંથી વીર્ય થઈને અને સ્ત્રીના ગર્ભમાં પ્રવેશીને મનુષ્ય બને છે ! શીક્ષકો આ શ્લોકને કોઈ એક કવીની કલ્પના તરીકે જણાવશે  કે ગીતાના એક ઉપદેશ તરીકે ? બ્રહ્મ વાસ્તવમાં શું છે તેની સ્પષ્ટ સમજ ગીતામાં આપવામાં આવી  નથી. આમ છતાં અગીયારમાં શ્લોકમાં એવા બ્રહ્મમાં પ્રવેશવાની જેમને ઈચ્છા હોય એમણે બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. શીક્ષકો બ્રહ્મને સ્પષ્ટ ખ્યાલ કેવી રીતે આપશે ?  એમાં આપણે પ્રવેશવાની જરુર શી છે તે કેવી રીતે સમજાવશે ? શું તેઓ બ્રહ્મચર્યને પણ વીગતવાર સમજાવી શકશે ? પ્રભુપાદના અનુવાદાનુસાર છવ્વીસમા શ્લોકમાં ગીતાએ એવું જણાવ્યું છે કે જે મહીનાના કૃષ્ણ પક્ષ એટલે કે વદ પખવાડીયામાં અવસાન પામે છે તે પાછો આવતો નથી ! વર્ગમાં શીક્ષકોએ શું કહેવાનું ? ‘જો પાછા આવવાની ઈચ્છા હોય તો સુદમાં મરજો, નહીં તો વદમાં મરવાનું રાખજો !’

નવમા અધ્યાયના બીજા શ્લોકની સમજુતી આપતા ગીતાના શ્રવણ  માત્રથી શ્રોતાને કૃષ્ણ-વીજ્ઞાન સમજાઈ જાય છે એવું પ્રભુપાદ જણાવે છે.  વીજ્ઞાન આખરે તો વીજ્ઞાન છે. આપણે કદી ‘ન્યુટન-વીજ્ઞાન’ કે ‘આઈનસ્ટાઈન વીજ્ઞાન’ જેવાં નામ સાંભળ્યા નથી. પ્રભુપાદના અનુવાદાનુસાર આપણી વચ્ચે ગીતા શ્રવણ કરનારા કરોડો શ્રોતાઓ ‘કૃષ્ણ-વીજ્ઞાન’ના જાણકાર છે ! શું શીક્ષકો આવો દાવો વર્ગમાં કરી શકશે ? ચોવીસમા શ્લોક તો ભણાવી શકાશે જ નહીં કારણ કે એ વર્ણાશ્રમની તરફેણ કરે છે. છવ્વીસમા શ્લોકની સમજુતી આપતા પ્રભુપાદ જણાવે છે કે ‘કૃષ્ણની ઈન્દ્રીયો પરસ્પર પરીવર્તનશીલ છે !’ એટલે શું ? શું કૃષ્ણનું નાક જીભ બની જતું હશે ? શીક્ષકો માટે ગજબનો ગુઢ પ્રશ્ન પેદા થવાનો છે.

**(અનુ. ટા. નં. ૨ નું)**

કરે છે, અને નાગરીકો પર જબરદસ્તી કરે છે. નાગરીક સ્વાતંત્ર્યનું મહત્ત્વ એટલે માટે છે કે તે લોકોને સરકારના આવા આતંકથી બચાવે. તેનાથી તેઓ સરકારની ટીકા કરી શકે છે અને તેમને ગોપનીયતાનો અધીકાર (Right to Privacy) મળે છે, સરકાર તેમના પર સતત નીગરાની ના રાખે તેવી સ્થીતીનું નીર્માણ થાય છે. નાગરીક સ્વાતંત્ર્ય એ લોકશાહીનો પાયો છે, તેના સીવાય લોકશાહીની કલ્પના થઈ શકે  જ નહીં.

નાગરીક સ્વાતંત્ર્યથી નાગરીકોનું સશકતીકરણ થાય છે. નાગરીકને પોતાને જે બાબત ગમે તેને માટે તે મજબુત રીતે લડવા શકતીમાન બને છે. કોઈ પણ વ્યકતી, જુથ, સમુદાય, સંસ્થા, કંપની કે સરકાર વગેરે દ્વારા નાગરીકને કોઈપણ જાતનું નુકસાન થાય તો તેની સામે તે પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે તે આ સ્વતંત્રતાઓથી સશકત બને છે. જો આ સ્વતંત્રતાઓ ના હોય તો માણસ પામર બની જાય છે અને તે પોતાની જાતનું એક જીવંત મનુષ્ય તરીકે રક્ષણ કરી શકતો નથી. નાગરીક સ્વાતંત્ર્યો તેથી રાજયની સત્તા અને નાગરીકોની સત્તા વચ્ચે સંતુલન ઉભું કરે છે. સરકારની કે રાજયની સત્તા કેટલી તે બંધારણમાં અને કાયદાઓમાં નકકી થઈ જાય છે. એ સત્તા નાગરીકની સ્વતંત્રતાનો બેફામ ભંગ કરનારી કદી હોઈ શકે નહીં.

**કુદરતી અધીકારો તરીકે નાગરીક સ્વાતંત્ર્ય :**

મનુષ્ય માણસ તરીકે જન્મે છે માટે તેને મનુષ્ય તરીકેના અધિકારો તો હોય છે જ. નાગરીક અધીકારો કે માનવ અધીકારો કે લોકશાહી અધીકારો એ કોઈને આપવાની કે કોઈની પાસેથી લઈ લેવાની ચીજ છે જ નહીં. એટલે કે કોઈ દેશનું બંધારણ નાગરીકોને કોઈ અધીકારો આપે છે એમ કહેવું એ બાબત બીલકુલ ખોટી છે. હકીકતમાં તો નાગરીકોના મનુષ્ય તરીકેના અધીકારોનાં રક્ષણ માટે જ બંધારણ અને તેના થકી કોઈ દેશ કે રાજયનો જન્મ થાય છે. એટલે ‘ભારતના બંધારણમાં નાગરીકોને અધીકારો આપવામાં આવ્યા છે.’ એમ બોલવું જ તદ્દન ખોટું છે. વાસ્તવમાં એમ બોલવું જોઈએ કે ‘ભારતના બંધારણમાં નાગરીકોના અધીકારો લખવામાં આવ્યા છે અથવા સ્વીકારવામાં આવ્યા છે.’

હું એક મનુષ્ય તરીકે પહેલા છું, પછી ભારત. મારા  તમામ અધીકારો બધા જ નાગરીકો પ્રત્યેની અને રાજય પ્રત્યેની મારી ફરજો બજાવ્યા છતાં પણ અકબંધ રહે તે માટે જ મેં ભારત નામના રાજયની રચના કરી છે. એ શરતે જ હું ભારતમાં રહું છું અને જીવું છું.  એનો ભંગ કોઈએ કરવાનો નથી. સરકારે પણ નહીં. સરકારે તો બીજા કોઈ નાગરીકો મારા માનવ અધીકારોનો ભંગ ના કરે તેની કાળજી રાખવાની-મહેનત કરવાની છે.  વળી સરકારે કોઈ પણ જાતના ભેદભાવ વીના તમામ નાગરીકોના અધીકારોનું રક્ષણ કરવાનું છે. એનો અર્થ એ છે  કે ભારત નામનો દેશ કે ભારત નામનું રાજય મેં બનાવ્યું છે અને તે મેં મારા માટે બનાવ્યું છે. આપણે સૌએ ભારત આપણા પોતાના માટે બનાવ્યું છે. (‘અભીદ્ષ્ટી’ અમદાવાદમાંથી સાભાર)

**ડીસેમ્બર–૨૦૨૨**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of posta

# સત્યશોધક સભાના સત્યાન્વેષણ માટેના પ્રયત્નો

ભુજ ખાતે યોજાયેલ સ્કાય ઓબ્ઝર્વેશન પ્રોગ્રામમાં સુરતના અમેચ્યોર એસ્ટ્રોનોમર અને સત્યશોધક સભાના ઉપપ્રમુખ મનસુખ નારીયાએ ભાગ લીધો હતો.

રીજીયોનલ સાયન્સ સેન્ટર, ભુજ ખાતે ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વીભાગ દ્વારા' એસ્ટ્રોનોમી વીષય પર એક સેમીનાર યોજાયો હતો. તારીખ ૨ થી ૪ ડીસે. ૨૦૨૨-ત્રણ દીવસ માટે યોજાયેલ આ સેમીનારમાં સી. એસ.સી. સુરત વતી મનસુખ નારીયાએ હાજર રહીને ખગોળશાસ્ત્ર અંગે રજુઆતો કરી હતી. વીવીધ જીલ્લાના ૨૦ જેટલા ખગોળરસીકો સહભાગી બન્યા હતા. તજજ્ઞો દ્વારા ટેલીસ્કોપ અંગે માહીતી આપી હતી અને આકાશદર્શન કરાવ્યું હતું.

નેશનલ ચીલ્ડ્રન સાયન્સ પ્રોગ્રામમાં વીનર્સ પ્રોજેકટ રાજ્ય તેમ જ રાષ્ટ્ર કક્ષાએ સારો પર્ફોમન્સ કરી શકે તે માટે ગવર્નમેન્ટ હાઈસ્કુલ સેલવાસ ખાતે એક ગાઈડન્સ સેમીનાર તા. ૨૯ નવેમ્બર ૨૦૨૨ ના રોજ યોજાયો હતો. જેમાં સત્યશોધક સભાના ઉપપ્રમુખ મનસુખ નારીયા અને ભુતપુર્વ પ્રમુખ અને કારોબારી સભ્ય સીદ્ધાર્થ દેગામીએ નીષ્ણાતો તરીકે સેવા આપી હતી.



**વીજ્ઞાન પ્રવૃત્તીમાં બાલ વૈજ્ઞાનીકોને માર્ગદર્શન**

## બાબુભાઈ દેસાઈ સ્મરણાંજલી સભા

**મુખ્ય વક્તા : નાનુભાઈ વાનાણી**
**વિષય : અંધશ્રદ્ધા, વ્યકતી અને સમાજ**
**સ્થળ : સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, નહેરુ રોડ, અઠવાલાઈન્સ, સુરત.**
**તારીખ : ૨૭-૧૨-૨૦૨૨ સમય : સવારે ૧૦.૦૦ કલાકે**

**(સૌજન્ય : સુર્યકાન્ત શાહ નિવૃત્તી પ્રવૃત્તી ભંડોળ)**

**સૌને પધારવા વીનંતી.**

**સુર્યકાન્ત શાહ**
**પ્રમુખ**

**ડો. માર્ટીના નોરોન્હા**
**આચાર્યા**

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**